Statement

ગુરુ ઓમ

આવેદન (Statement )

'' પારસીઓનું ગુજરાતી રંગભૂમિને પ્રદાન'' ની ચર્ચા કરતા આ બૃહત્ નિબંધમાં પારસી રંગભૂમિના ઉદ્ભવ અને વિકાસ વિશે શકય તેટલું સર્વાંગીણ અધ્યયન કરવાનો આ પ્રથમ પ્રયાસ છે એવું મારું નમ્ર આવેદન છે. છેલ્લા સવાસો વર્ષની પારસી નાટકતખ્તાની તવારિખને સ્પર્શતા છૂટક લખાણો પ્રસંગોપાત લખાતા રહયા છતાં પારસી રંગભૂમિની પરંપરાને વિગતવાર -મંડળીઓના ઉપક્રમે અભ્યાસવાનો આ પહેલો પ્રયાસ છે.

" ગુજરાતી ભાષાનો ઉદ્ભવ અને વિકાસ " થી શરૂ થઇ 'ઉપસંહાર' સુધી અગિયાર પ્રકરણમાં વિસ્તરતા આ મહાનિબંધમાં પારસી રંગભૂમિના સંદર્ભમાં ભાગ ભજવતાં તત્વોની યથોચિત નોંધ લઇ રંગભૂમિના ઘડતરની વિકાસયાત્રામાં તેમના પ્રદાનને આલેખવાનો પ્રયત્ન કરેલો છે.

આપણા નાટય સાહિત્યના ઇતિહાસની ચર્ચા કરતા ગ્રંથોમાં સાહિત્યિક દૃષ્ટિ પ્રધાન-રુપે ભાગ ભજવતી રહી જયારે રંગભૂમિના પાસાની ચર્ચા ગૌણ બની રહી અથવા એકાદ પ્રકરણમાં તેને સમાવી લઇ આત્મસંતોષ પ્રાપ્ત કરવાનું વલણ *ઓછાવત્તી* નજરે પડે. આ પરિસ્થિતિમા રંગભૂમિને કેન્દ્રમાં રાખી તેની વ્યવસાયીકરણની પ્રક્રિયાનું તથા તજ્જન્ય પરિણામોનું વિશ્લેષણ કરવાનું અત્રે તાકયું છે અને સાથે સાથે ધંધાદારી પારસી રંગભૂમિની વૃત્તિ-પ્રવૃત્તિ ગુજરાતી નાટક અને રંગભૂમિને કેટલા અંશે પ્રદાનશીલ બની રહી તે તારવી બતાવ્યું છે.

પારસી રંગભૂમિના ગુજરાતી રંગભૂમિને પ્રદાનની ચર્ચા કરતાં પારસી રંગભૂમિના વ્યાવર્તક પરિબળો જેવા કે ભાષા, શૈલી, અભિનેતા, દિગ્દર્શક, મંડળીના માલિકો, ગીત-સંગીત, અંક-દૃશ્ય, પ્રવેશ-પ્રસ્થાન, સ્ત્રી કલાકાર, થિયેટર, પેન્ટર આદિની ચર્ચા કરી તેની વિશિષ્ટતાઓ તારવી બતાવી રંગભૂમિના ઉત્થાનમા તેમની મહત્તાની ચર્ચા કરેલ છે.

પારસી રંગભૂમિની તવારિખ પ્રત્યેક નાટક મંડળીની ચર્ચા કરતાં તપાસી તેની વિગતવાર માહિતી રજૂ કરતાં જે તે નાટક મંડળીની સંપૂર્ણ માહિતીનું આલેખન કરેલ હોવાથી પારસી નાટક-મંડળીનો ઇતિહાસ નોંધ પણ અહીં ક્રમબધ્ધ લેવાયેલ છે.

ગુજરાતી નાટય સાહિત્યમાં પારસી રંગભૂમિના નાટક તેમજ નાટયકાર લગભગ ઉપેક્ષિત રહયાં એમ કહીએ તો અનુચિત નહીં ગણાય. આ નાટકકારોનો ઉલ્લેખ કરી તેમની નાટયકૃતિઓની અત્રે નોંધ કરેલ છે. આ નાટયકારોનો ઉલ્લેખ કરતી વખતે તેમના ધ્વારા રચાયેલ પૌરાણિક ઐતિહાસીક, સામાજિક અને રુપાંતરિત નાટકની ચર્ચા કરી

તેમની તત્કાલીન રાજકીય, ધાર્મિક, સામાજિક અસરોની ચર્ચા કરી તેમના પ્રદાનની (સમગ્રદર્શી) નોંધ અહીં (પ્રથમવાર) લીધી છે.

શ્રી અદી મર્ઝબાનથી શરુ થતી આજની પારસી રંગભૂમિની ચર્ચા કરતાં શ્રી અદી મર્ઝબાન, સ્વ.ફિરોઝ આંટિયા, ડૉ.રતન રુસ્તમ માર્શલ, શ્રી હોમી તવડિયા, શ્રી મીનું નરીમાન આદિ અર્વાચીન નાટયકાર-દિગ્દર્શક તેમજ શ્રી યઝદી કરંઝીયા અને શ્રી બરજોર પટેલ આદિ અન્ય દિગ્દર્શક અને અભિનેતાઓના સમગ્ર મૂલ્યાંકનની નોંધ કરી પારસી રંગભૂમિની 'કાલ' અને 'આજ' વચ્ચેનો તફાવત દર્શાવી તેમના નૂતન પ્રયોગોની નોંધ અને પ્રદાનને અહીં દર્શાવેલ છે.

પારસી રંગભૂમિ સમગ્ર ભારત વર્ષમાં અને દરિયાપારના ભારતની પૂર્વ દિશામાં આવેલા કેટલાક પ્રદેશોમાં પણ વ્યાપેલ હોવાથી તેની હિન્દી રંગભૂમિ પર પણ વ્યાપક પ્રમાણમાં અસર પડી હતી. પરિણામે પારસી-હિન્દી રંગભૂમિની નાટય રચનાથી માંડી નાટકના પ્રસ્તુતીકરણ સુધીની સમગ્ર પ્રક્રિયા અહીં બતાવેલ છે. આ ચર્ચા નિમિત્તે પારસી હિન્દી રંગભૂમિના ત્રણ પ્રધાન નાટયકાર રાધેશ્યામ કથાવાચક, આગા 'હશ્ર' કાશ્મીરી અને પં.નારાયણપ્રસાદ 'બેતાબ'ની નાટયપ્રવૃત્તિ તપાસેલ છે. આ ઉપરાંત પારસી-હિન્દી રંગભૂમિના અન્ય નાટય-કારોની યત્કિંચિત નોંધ લઇ પારસી હિન્દી રંગભૂમિના પ્રદાનને મૂલવી બતાવેલ છે.

આ બધાને અંતે અન્ય સંકળાયેલ પ્રશ્નોની પણ અહીં ચર્ચા કરી છે :

પારસી થિયેટર સંજ્ઞા - એક પુર્નવિચાર, નાટક અને રંગભૂમિ, સાહિત્યિક નાટક અને અભિનેય નાટક, નાટકકારને રંગભૂમિના નિયમો બાધ્ય હોઇ શકે ? નાટય પ્રકાશન પરત્વેની ઉદાસીનતાના કારણો અને તેની અસર, પારસી રંગભૂમિની મર્યાદાઓ આદિ અન્ય પાસાઓની વિગતવાર ચર્ચા કરેલ છે.

આમ આ બૃહત્નિબંધમાં પારસીઓનું કે પારસી રંગભૂમિનું ગુજરાતી રંગભૂમિને પ્રદાનની પ્રવૃત્તિને પારસી નાટક મંડળીઓના સંદર્ભમાં તપાસી તેની યથાયોગ્ય માંડણી કરવાનો પ્રયત્ન કર્યો છે. આ પ્રકારની મીમાંસા કેટલા પ્રમાણમાં પૂર્ણ ગણી શકાય તે પરત્વેનો કશો દાવો હોઇ શકે નહીં; છતાં પારસી રંગભૂમિની પરંપરાને આલેખતો આ પ્રયાસ ગુજરાતી ભાષામાં પ્રથમ ગણવાનો રહેશે.

નાટક અને રંગભૂમિ નિમિત્તે જે ચર્ચા થઇ છે તેના નોંધપાત્ર વિદ્વાન વિવેચકોના સિધ્ધાંતો રજૂ કરતા ગ્રંથોનું અનુશીલન કરીને લાભ લીધો છે. એ ગ્રંથોની યાદી અંતે ગ્રંથ સૂચિમાં આપી છે.

આ મહાનિબંધનું સમગ્ર લેખનકાર્ય મારા ગુરુવર્ય પદ્મશ્રી ચંદ્રવદન મહેતાના માર્ગદર્શન હેઠળ પૂર્ણ થયું તે બદલ તેમનો હું અત્યંત ઋણી છું. મહારાજા સયાજીરાવ યુનીવર્સીટી સંચાલિત મ્યુઝીક કોલેજના આચાર્ય અને નાટય વિભાગના અધ્યક્ષ પ્રો.માર્કન્ડ ભટ્ટનો આભારી એટલા માટે છું કે, આ નિબંધના લેખનકાર્ય દરમ્યાન અનેક સલાહ-સુચન અને સગવડો તેમના તરફથી મળતી રહી. આ ઉપરાંત શ્રી અદી મર્ઝબાન (મુંબઇ), ડો. રતન રુસ્તમ માર્શલ (સૂરત), શ્રી યઝદી કરંઝીયા (સૂરત), શ્રી હોમી તવડિયા (મુંબઇ), શ્રી બરજોર પટેલ (મુંબઇ), શ્રી મીનુ નરીમાન (મુંબઇ), ડો. મધુસૂદન પારેખ (આચાર્ય. એચ.કે.આર્ટસ કોલેજ. અમદાવાદ), ડો. દયાશંકર શુકલ (પ્રાધ્યાપક. એમ.એસ.યુનીવર્સીટી-વડોદરા), ડો. સુભાષ દવે ( પ્રાધ્યાપક. એમ.એસ.યુનીવર્સીટી-વડોદરા), ડો. હર્ષદ ત્રિવેદી (પ્રાધ્યાપક. એમ.એસ. યુનીવર્સીટી-વડોદરા), આચાર્ય. કાંતિભાઇ પટેલ આદિ મહાનુભાવોએ પુસ્તકો તેમજ પત્રો દ્વારા જે મદદ કરી તે બદલ તેમનો હાર્દિક આભાર માનું છું.

મહાનિબંધના લેખનકાર્ય દરમ્યાન લીધેલ વિવિધ લાયબ્રેરીની સેવાઓ બદલ તેમના સંચાલકોનો આભાર માનું છું.

૧. હંસા મહેતા લાયબ્રેરી ( એમ.એસ.યુનીવર્સીટી-વડોદરા)
૨. મ્યુઝીક કોલેજ લાયબ્રેરી( એમ.એસ.યુનીવર્સીટી-વડોદરા)
૩. સેન્ટ્રલ લાયબ્રેરી ( વડોદરા )
૪. ગુજરાત વિદ્યાપીઠનું પ્રાદેશિક પુસ્તકાલય ( અમદાવાદ )
૫. ગુજરાત વિદ્યાસભાનું પુસ્તકાલય ( અમદાવાદ )
૬. એન્ડ્રુઝ લાયબ્રેરી ( સૂરત )
૭. દસ્તુર મહેરજી રાણા - પારસી લાયબ્રેરી ( નવસારી )
૮. જે.એન.પાટીટ ઇન્સ્ટીટયુટ ( મુંબઇ )
૯. કામા ઇન્સ્ટીટયૂટ ( મુંબઇ )
૧૦. સેન્ટ્રલ લાયબ્રેરી ( મુંબઇ )
૧૧. આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ પુસ્તકાલય ( ડભોઇ )

આ ઉપરાંત શ્રી સુધીરચંદ્ર ભટ્ટ, શ્રી ડાહ્યાભાઇ પટેલ, શ્રી કુમારી ઈંદીરા શાસ્ત્રી, કુ.લીલા શાસ્ત્રી, શ્રી ભાસ્કર જોષી, અને મારા વિદ્યાર્થીઓનો જે યત્કિંચિત્ સેવાઓ આપી તે બદલ અહીં આભાર માનું છું.

કનૈયાલાલ ચુનીલાલ શાસ્ત્રી (ગોપાલ )
કનૈયાલાલ ચુનીલાલ શાસ્ત્રી